**Vidhyayana - ISSN 2454-8596**
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
**www.vidhyayanaejournal.org**
**Indexed in: ROAD & Google Scholar**

# બાળપણ

## ડો. નીતલકુમારી પી. પટેલ

પ્રકૃતિ પરિવેશની પોતાની ચેતના પર પડતી અસરો અને આ અસરોને કારણે ગોઠવેલા સંવેદનોને શબ્દ સ્થળ શબ્દાર્થ કરવાનું વલણ ડૉ. સુરેશ જોશીના નિબંધોનું મહત્વનું અને અનિવાર્ય અંગ છે. સુરેશ જોશીની નિબંધ સૃષ્ટિના કેન્દ્રમાં હંમેશા પ્રકૃતિ રહી છે. પ્રકૃતિ સાથે સર્જકનો નાભિનાળ સંબંધ છે સાથે પ્રકૃતિના બારણેથી એ જીવનને નિરખે છે. એમણે જિંદગીની શરૂઆતના ચૌદ વર્ષ પ્રકૃતિના ખોળામાં જ પસાર કર્યા છે આરણ્યાચ્છાદિત પ્રદેશમાં જ તેમણે પોતાનું બાળપણ વિતાવ્યું છે. આથી તેમના નિબંધો માં વારંવાર નજર ચડે તે એ શૈશવ અને પ્રકૃતિનું આલેખન. આ શૈશવ અને પ્રકૃતિ તો નિબંધકાર સુરેશ જોશીની નોળવેલ છે. સર્જક પોતાના ગામ કિલ્લામાં શું હતું? તેનો ઉલ્લેખ પણ કરે તે આ ગામ જિલ્લામાં જે જે હતું ત્યાં ત્યાં સર્જક પોતાનું બાળપણ વિતાવ્યું અને એ બાળપણની બધી સ્મૃતિઓ સર્જક ખૂબ જ વેદનાભાવથી યાદ કરે છે. કારણ કે બાળપણના આ બધા દિવસો ફક્ત સ્મૃતિરૂપે તેમના ચિત્તમાં સંચિત થયેલા છે. આથી આ બધી સ્મૃતિઓને યાદ કરવા સિવાય સર્જક પાસે બીજો કોઈ વિકલ્પ નથી. શૈશવની મુગ્ધતા અને વિસ્મય નિબંધકારમાં જાણે એવા ને એવા છે, અને સર્જકે આ સ્મરેલા શૈશવનો બોધ આપણને તેમના નિબંધો દ્વારા કરાવે છે સર્જકએ નિબંધવાચકને એના પોતાના શૈશવની દુનિયામાં એકદમ લઈ જાય છે. બાલ્યવયની સ્મૃતિભરી નમ્ર દુનિયામાં નિબંધકાર સુરેશજોશી સરી પડે છે સર્જક પોતાની શૈશવની સ્મૃતિના પ્રભાવે એક નવી જ બાળપણની મધુર દુનિયા રચી આપે છે. એટલે સુરેશ જોશીના નિબંધની વાત કરીએ તો સૌ પ્રથમ એમના શૈશવની જ વાત

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

કરવી પડે છે. નિબંધકાર પોતાનું બાળપણ પ્રકૃતિ પરિવેશમાં પસાર કરે છે આ પરિવેશને છોડીને તેમણે સંજોગોવસાત નગરમાં વસવું પડે છે, અને આ ભૌતિકતાથી ઘેરાયેલા નગરમાં સર્જકને ફાવતું નથી. આથી તેમને વારંવાર પ્રકૃતિ-બાળપણની યાદ આવે છે અને તેઓ અતિતમાં સરી પડે છે. તેનું વર્ણન 'જનાન્તિકે'ની બીજી રચનામાં સર્જકે જ્યાં પોતાનું બાળપણ વિતાવ્યું તે સૃષ્ટિ ભાવક સમક્ષ ખડી કરવાનો પ્રયત્ન કર્યો છે. "મારું બાળપણ જે ગામમાં વીત્યું તેનું નામ હું તમને નહીં કહું. મોંઘો ખજાનો કોઈને ખબર ન પડે તેમ દાટીને સંતાડી રાખવો પડે. મારા ગામમાં રાજાનો કિલ્લો હતો, વન હતું, વનમાં વાઘ હતા, રીંછ હતા, એક નદી હતી- એનું નામ ઝાંખરી." (પૃષ્ઠ-૩)

સર્જકે શૈશવની મધુર યાદોના વર્ણનની સાથે સાથે બાળપણમાં પોતાના મિત્રો સાથે કરેલ મજાક મસ્તીની મધુર સ્મૃતિઓનું નિરૂપણ કરતા સર્જક લખે છે-

"દુંદાળા ગણપતિ આનંદ ચૌદસને દિવસે એમાં ડુબકી મારીને અલોપ થઈ જતા, મિત્રો સાથે શરૂ શરૂમાં બીડી પીવાનું સાહસ કરવા શીખેલા સોબતિઓ, આંબાવાડીયા પર શાખીયાં તૈયાર થયા છે, એ સમાચાર વીજળીવેગે પ્રસરી જતા ને અમારી ટોળી નીકળી પડતી, ઉમરાના ઝાડની ઘટામાં આરોગવા બેસતા, અત્તર કાઢવાના બહાને મધુમાલતી પર ગુજારેલા જુલમનો પ્રસંગ, કાબરને મેના માનીને એને પકડીને એની પાસે

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

મીઠા ગાણાં ગવડાવવાનો પ્રસંગ, જુના કિલ્લામાંથી સોનું મેળવવાનો પ્રસંગ" (પૃષ્ઠ-૪) આ બધા શૈશવના નિર્દોષ પ્રસંગોને નિબંધકારે આપણી સમક્ષ સહજતાથી રજૂ કર્યા છે.

નિબંધકાર સુરેશ જોશીનું બાળપણ પ્રકૃતિના ખોળામાં પાંગર્યું હતું. એમના સર્જનના મૂલ્યો એમના શૈશવમાં પડેલા છે. 'પ્રથમ પુરુષ એકવચન'ની રચનામાં નિબંધકાર લખે છે -

"મારા બાળપણનો એ નિર્જન પરિવેશ ચારે બાજુની શાંતિ, પશ્ચિમ ક્ષિતિજે તોળાઈ રહેલો કિલ્લો, ઘટાદાર તોતિંગ વૃક્ષો, મધુ-માલતી અને મોગરો, ચંપો અને ફણસોટો, સદા વહ્યાં કરતું ઝરણું, એમની ખખડતી પાવડિઓ, નાવણી આગળના આંબા અને કેળ, ધની ગાય, રાખ ભરેલા માટલામાં પાકતા સીતાફળ આવું બધું મૂળ નાખીને પડ્યું છે." (પૃષ્ઠ-૧૬)

નિબંધકાર સુરેશ જોશીએ જ્યાં પોતાનું બાળપણ વિતાવ્યું છે તે કિલ્લો સોનગઢ છે. સર્જક સોનગઢની અદભુત અને ભયાનક સૃષ્ટિ યાદ કરે છે તથા દંતકથા સમાન બની ગયેલા પોતાના કિલ્લાને સર્જક આ નિબંધ સૃષ્ટિમાં તાદૃશ કરે છે. આ સોનગઢની દંતકથાઓ અને આરણ્યકતાથી ભર્યા ભર્યા પરિવેશમાં સર્જકે પોતાના જીવનના પ્રથમ વર્ષો વિતાવ્યા છે. આ સોનગઢની રસભરી સૃષ્ટિ સર્જકના મનમાં જાણે એક અદભુતરસની જનની તરીકે અંકિત થાય છે. નિબંધકારે પોતાના મુલકની પ્રકૃતિને રમણીયતાથી આપણી સામે ધરી છે.

ગામના વૃક્ષો, પ્રાણીઓ, ફૂલો, કિલ્લો, માટી આ બધા સાથે નિબંધકારનો ગાઢ આત્મીયતા ભર્યો સંબંધ છે. સોનગઢમાં સર્જકનું બાળપણ એવું તો રસાઈ ગયું છે એની ઘટનાઓમાં એવી રીતે જીવાયું છે કે, કોઈક નિમિત્ત મળતા સોનગઢનો કિલ્લો તેની આગવી દુનિયા બાળલીલાઓ અને સર્જકના અબોધ મસ્ત ખ્યાલો જાગી ઊઠે છે. અને આ બધા ખ્યાલોનું વર્ણન અહીં સર્જકે કર્યું છે. આ નિબંધ રચનાઓ સર્જક સુરેશ જોશીની સ્મરણમંજૂષા છે. અહીં નિબંધકારનો અનુભવલોક ખુલતો આવે છે. સર્જક કસાય છોછ રાખ્યા વગર પોતાની શૈશવકાલીન ક્રીડાઓ અને પ્રસંગોને વર્ણવે છે. ગ્રામપ્રકૃતિની રંગછટાઓ અહીં સાહજિક બની આલેખે છે. આ રચનામાં સર્જક મુક્ત મને ખૂલતા જોવા મળે છે. કવિતાની પરિસીમામાં પહોંચી જતું આ ભાવ સભરગદ્ય આ નિબંધની લલિત મુદ્રા કંડારે છે. તથા સર્જકના સંવેદનશીલ હૃદયનો પરિચય ભાવકને થાય છે. આમ આ રચનામાં ભાષાની સ્વાભાવિકતા પ્રવાહિતા તથા રમણીયતા વિશેષ નોંધપાત્ર છે અને આખી રચનામાં સર્જકની સહઉપસ્થિતિ વર્તાય છે.

**સંદર્ભ સૂચિ:**

ડૉ. સુરેશ જોશી, 'જનાન્તિકે',

પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ-૧

એજન - પૃષ્ઠ - ૪

સુરેશ જોશી, 'પ્રથમ પુરુષ એકવચન',

ચંદ્રમૌલિ પ્રકાશન, અમદાવાદ - ૧

પૃષ્ઠ - ૧૬